એનું નામ ફકીર, જેની મેરું જેવડી ધીર, પ્રસન્ન મનથી ભોગવે પોતે, દુઃખીજનોની પીડ.. વિપત્તિથી એ વણસે નહિ ને પીવે સંતોષના નીર...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૭ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૦, બુધવાર; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૪૯ |
| અમદાવાદ | ૧૭૨ |
| ગાંધીનગર | ૪૩ |

# સરહદે આપણા જવાનો તૈયાર : રાજનાથસિંહ

**ચીન વિવાદનો મુદ્દો જટિલ : ચીન સાથેના ઘર્ષણ અંગે રાજનાથનું સંસદમાં નિવેદન : ઈતિહાસમાં જે નક્કી થયું એ વિશે બન્ને દેશની જુદી જુદી વ્યાખ્યા છે, બન્ને દેશો વચ્ચે સમાધાન નિકળી શક્યું નથી**

નવી દિલ્હી, તા. ૧૫

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ ચીન સાથેના સરહદ વિવાદ મુદ્દે આજે લોકસભામાં નિવેદન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર દેશવાસીઓ પોતાના વીર જવાનો સાથે છે. મેં લદાખ જઈને આપણા શૂરવીરો સાથે સમય વિતાવ્યો છે અને તમને એ જણાવવા માગું છું કે મેં તેમનાં સાહસ અને શૌર્યને અનુભવ્યાં છે. કર્નલ અને તે સદન જાણે છે કે ભારત-ચીનની સરહદનો પ્રશ્ન હજુ ઉકેલાયો નથી.



ભારત-ચીનની સરહદનું ટ્રેડિશનલ એલાયનમેન્ટ ચીન માનતું નથી. બન્ને દેશ ભૌગોલિક સ્થિતિઓથી અવગત છે. ચીન માને છે કે ઈતિહાસમાં જે નક્કી થયું એ વિશે બન્ને દેશની અલગ-અલગ વ્યાખ્યા છે. બન્ને દેશો વચ્ચે સમાધાન નીકળી શક્યું નથી.

લદાખના વિસ્તારો ઉપરાંત ચીન અરુણાચલ પ્રદેશની સરહદથી ૯૦ હજાર વર્ગ કિલોમીટર વિસ્તારને પોતાનો બતાવ્યો છે. સરહદનો વિવાદ જટિલ મુદ્દો છે. એમાં ધીરજની જરૂરિયાત છે. શાંતિપૂર્ણ વાતચીતથી સમાધાન નીકળવું જોઈએ. બન્ને દેશે માની લીધું છે કે સરહદ ઉપર શાંતિ જરૂરી છે.

રાજનાથ સિંહે કહ્યું હતું કે બન્ને દેશ વચ્ચે ઘણા પ્રોટોકોલ છે. બન્ને દેશે માન્યું છે કે ન્છઝ પર શાંતિ જાળવવી જોઈએ. ન્છઝ પર કોઈપણ પ્રકારની ગંભીર સ્થિતિની બન્ને દેશના સંબંધો પર ગંભીર અસર પડશે. છેલ્લી સમજૂતીમાં

● અનુસંધાન પાના ૭ પર

# ભારત સંયુક્ત રાષ્ટ્રનાં ECOSOCનું સભ્ય બન્યું

**ભારત-અફઘાને ૫૪ સભ્યો સાથે મતદાનમાં જીત મેળવી : ચીનને સજ્જડ હારનો સામનો કરવો પડ્યો, અડધા વોટ પણ ન મળ્યા, ૨૦૨૧થી ૨૦૨૫ સુધી ભારત યુનાઇટેડ નેશનના કમિશન ઓન સ્ટેટ્સ ઓફ ધ વુમનનું સભ્ય રહેશે**

સંયુક્ત રાષ્ટ્રસંઘ,તા.૧૫

ભારતે ચીનને મોટો ઝટકો આપ્યો છે. ચીનની પછાડીને ભારતની આર્થિક અને સામાજિક પરિષદની સંસ્થા યુનાઈટેડ નેશનના કમિશન ઓફ સ્ટેટસ ઓફ વુમનના સભ્ય તરીકે પસંદગી થઈ છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટી એસ મૂર્તિએ આ જાણકારી આપી છે.

ભારતની કમિશન ઓન ધ સ્ટેટસ ઓફ વુમનના સભ્ય તરીકે પસંદગી થઈ છે. જે આપણા તમામ પ્રયત્નોમાં લૈંગિક સમાનતા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે આપણી પ્રતિબદ્ધતાનું એક મહત્વપૂર્ણ સમર્થન છે. અમે સભ્ય દેશોનો તેમના સમર્થન માટે આભાર માનીએ છીએ. ભારત, અફઘાનિસ્તાન અને ચીને કમિશન ઓફ સ્ટેટસ ઓફ વુમન માટે ચૂંટણી લડી હતી. જેમાં ભારત અને અફઘાનિસ્તાને ૫૪ સભ્યો સાથે મતદાનમાં જીત મેળવી. જ્યારે ચીને સજ્જડ હારનો સામનો કરવાનો આવ્યો. ચીનને અડધા વોટ પણ મળ્યા ન હતા બેઈજિંગ વર્લ્ડ કોન્ફરન્સ ઓફ વુમન (૧૯૯૫)ની આ વર્ષે ૨૫મી વર્ષગાઠ છે. ચીને ભારતના હાથે હારનો સામનો કરવાનો વારો આવ્યો.



## હવે ભારતની મોટી કંપનીઓ પર ચીનની નજર

# સીઈઓથી માંડી ઈન્ટર્નની પણ જાસૂસી થઈ રહી છે

નવી દિલ્હી,તા.૧૫

પૂર્વ લદાખમાં ચાલી રહેલા તણાવની વચ્ચે સોમવારે હાઈબ્રિડ વોરફેરને લઈને એક મોટા કાવતરનો ખુલાસો થયો છે. ચીન પોતાની એક કંપનીના માધ્યમથી ભારતની લગભગ ૧૦ હજારથી વધુ હસ્તીઓ અને સંગઠનોની જાસૂસી કરાવી રહ્યું છે. હવે વધુ એક ખુલાસામાં જાણવા મળ્યું છે કે ચીનની નજર ભારતની અર્થવ્યવસ્થા પર છે. એક રિપોર્ટ મુજબ, ચીન ભારતની પેમેન્ટ એપ, સપ્લાય ચેઈન, ડિલીવરી એપ્સ અને આ એપ્સના સીઈઓ સીએફઓ સહિત લગભગ ૧૪૦૦ વ્યક્તિઓ અને સંસ્થાનોની જાસૂસી કરી રહ્યું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનની સેના અને ઈન્ટેલિજન્સ એજન્સી સાથે જોડાયેલી કંપની ઝેન્હુઆ ડેટા ઈન્ફોર્મેશન કંપની લિમિટેડે ઓવરસીઝની ઈન્ડિવિજુઅલ ડેટા બેઝ તૈયાર કર્યો છે. ચીનની વૉચ લિસ્ટમાં ભારતીય રેલવેમાં ઈન્ટર્નશીપ કરી રહેલા એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સથી લઈને અઝીમ પ્રેમજીની વેન્ચર કંપનીના ચીફ ઈન્વેસ્ટમેનટ ઓફિસર સુધી સામેલ છે. આ ઉપરાંત ચીન ભારતના સ્ટાર્ટઅપ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ અને ભારતમાં સ્થિત વિદેશી રોકાણકારો અને તેના સંસ્થાપક અને સીઈઓ ઉપર પણ નજર રાખી રહ્યું છે.

**કંપનીના સંસ્થાપકો - સીઈઓ પર ચીનની નજર, સ્વીગી, ઝોમેટો, ફ્લિપકાર્ટના સંસ્થાપકોની પણ જાસૂસી થાય છે**

ટીકે કુરિયન પ્રેમજી ઈન્વેસ્ટમાં મુખ્ય રોકાણ અધિકારી, અનીશ શાહ ગ્રુપ સીએફઓ (મહિન્દ્રા ગ્રુપ), પીકે એક્સ થોમસ સીટીઓ (રિલાયન્સ બ્રાન્ડ), બ્રાયન બાડે મુખ્ય કારોબારી (રિલાયન્સ રિટેલ), વિનીત સેખસરિયા- કન્ટ્રી હેડ (મોર્ગન સ્ટેનલી), ફ્લિપકાર્ટના સહ-સંસ્થાપક બિન્ની બંસલ, ઝોમેટોના સંસ્થાપક અને સીઈઓ દીપિન્દર ગોયલ, સ્વીગીના સહ-સંસ્થાપક અને સીઈઓ નંદન રેડ્ડી, ન્યાકાની સહ-સંસ્થાપક અને સીઈઓ ફાલ્ગુની નાયર, ઉબર ઈન્ડિયાના મુખ્ય ચાલક સંચાલન પાવન વૈશ્ય, પેયુના ચીફ નમિન પોટનીસ પર ચીન સતત નજર રાખી રહી છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૯૫૧૯૩૨૨ | ૯૩૪૦૯૯ | ૨૧૩૪૩૬૮૫ |
| ભારત | ૪૯૭૦૬૭૩ | ૮૧૨૬૫ | ૩૮૯૪૭૭ |
| ગુજરાત | ૧૧૬૩૪૫ | ૩૨૪૭ | ૯૬૭૦૯ |
| ગાંધીનગર | ૩૦૦૦ | ૧૫૬ | ૨૪૩૯ |

# દેશમાં કોરોનાના નવા ૮૧,૯૧૧ દર્દી

**૨૪ કલાકમાં ૭૯ હજાર સ્વસ્થ થયા : દેશમાં હજુ સુધીમાં કોરોનાના ૪૯.૭૦ લાખ કેસ : દિલ્હીના નાયબ મુખ્યમંત્રી કોરોના પોઝિટિવ આવ્યા, અન્ય બે ધારાસભ્યો વિધાનસભા સત્રમાં સામેલ થઇ શક્યા નહીં**

નવી દિલ્હી, તા. ૧૫

ભારતમાં પાંચ મહિનાના ગાળામાં જ કોરોનાના દર્દીઓનો આંક ૪૯ લાખને પાર થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૧ હજાર ૯૧૧ લોકો કોરોનાથી સંક્રમણ થયા છે. આ સાથે કોરોના પોઝિટિવ લોકોની સંખ્યા ૪૯ લાખ ૨૯ હજાર ૫૪૩ થઈ છે. એમાં રાહતની વાત એ છે કે ૩૮ લાખ ૫૬ હજાર ૨૪૬ લોકો સાજા પણ થયા છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સોમવારે તેમણે ટ્વીટ કરી આ વાતની જાણકારી આપી હતી.

આ પહેલાં દિલ્હીના અન્ય ત્રણ ધારાસભ્યો ગિરીશ સોની, પ્રમિલા ટોકસ અને વિશેષ રવિને પણ સંક્રમણ લાગ્યું છે. સિસોદિયા સહિત ત્રણેય ધારાસભ્યો સોમવારે વિધાનસભા સત્રમાં સામેલ થઈ શક્યા ન હતા. કેન્દ્રીય આરોગ્યમંત્રાલયે મંગળવારે સવારે પોતાના આંકડા જાહેર કર્યા હતા એ પ્રમાણે, ૮૩ સોમવારે હજાર ૮૦૮ કેસ સામે આવ્યા હતા, જ્યારે ૧૦૫૪ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આ સાથે દેશમાં કોરોના પોઝિટિવનો આંક ૪૯ લાખ ૩૦ હજાર ૨૩૭ થયો છે, જેમાં ૯ લાખ ૯૦ હજાર ૬૧ એક્ટિવ કેસ છે. ૩૮ લાખ ૫૯ હજાર ૪૦૦ દર્દી સાજા થઈ ગયા છે.

## છેલ્લે... છેલ્લે...

- રાજ્યસભાના સભ્ય અભય ભારદ્વાજની સ્થિતિ અતિ નાજુક, ચાર્ટર્ડ પ્લેનમાં ત્રણ ડૉક્ટર સાથે શિક્ષણમંત્રી ચુડાસમા રાજકોટ પહોંચ્યા.
- અરુણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડુ કોરોનાથી સંક્રમિત
- દેશનો રિકવરી રેટ ૭૮ ટકાથી વધુ નોંધાયો
- નર્મદા ડેમમાં પાણીની સપાટી ૧૩૭.૯૯ મીટરે પહોંચી
- ગુજરાત હાઈકોર્ટમાં તાત્કાલિક અસરથી પ્રત્યક્ષ હિયરીંગ બંધ કરાયુ

# વિમાનની સુરક્ષાને જોખમમાં મૂકનારાને એક કરોડનો દંડ

**રાજ્યસભામાં ફ્લાઈટ અમેન્ડમેન્ટ બિલ પસાર : વિમાન સુધારણા બિલનો કોંગ્રેસના સાંસદે વિરોધ કર્યો**

નવી દિલ્હી, તા. ૧૫

રાજ્યસભામાં ફ્લાઈટ અમેન્ડમેન્ટ બિલ, ૨૦૨૦ બહુમતિથી પસાર કરવામાં આવ્યું છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન હરદીપસિંહ પુરીએ જણાવ્યું હતું કે ભારતમાં, ત્રણ નિયમનકારી સંસ્થાઓ જેવીકે નાગરિક ઉડ્ડયન નિયામક મંડળ, નાગરિક ઉડ્ડયન સલામતી કચેરી અને હવાઈ અકસ્માત તપાસ કચેરી – નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે વધુ અસરકારક બનાવવામાં આવશે.

કેન્દ્રીય પ્રધાન હરદીપ પુરીએ કહ્યું કે એરક્રાફ્ટ સુધારા બિલ દેશમાં વિમાન કામગીરીની સલામતીના સ્તરને વધારવામાં મદદ કરશે. બિલમાં વિમાન કાયદા ૧૯૩૪ માં સુધારો કરીને દંડની મહત્તમ રકમ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. હાલમાં, દંડની મહત્તમ મર્યાદા ૧૦ લાખ રૂપિયા છે, જે બિલમાં વધારીને ૧ કરોડ કરવામાં આવી છે. વિમાનમાં હથિયારો, દારૂગોળો અથવા ખતરનાક પદાર્થો લઈ જવાની સજા ઉપરાંત કે કોઈપણ રીતે વિમાનની સલામતી જોખમમાં મૂકવામાં આવશે તો સજાની સાથે દંડની રકમ ૧૦ લાખ રૂપિયા હતી. આ નિયમોમાં ફેરફાર કરાયા છે. એરક્રાફ્ટ બિલમાં સુધારો કરીને, હાલની પેનલ્ટીની રકમ ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૧ કરોડ કરવામાં આવી છે.

# બોલિવૂડને બદનામ કરનારા પર જયા બચ્ચન ભડક્યાં

**જે થાળીમાં ખાવ છો તેમાં જ તમે લોકો થૂંકો છો : જયા બચ્ચન : રાજ્યસભાના સાંસદ જયા બચ્ચને બોલીવુડ સ્ટાર કંગના રણૌતનું નામ લીધા વગર જ તેના ઉપર નિશાન સાધ્યું**

નવી દિલ્હી, તા. ૧૫

રાજ્યસભાના સાંસદ જયા બચ્ચને કંગના રણૌતનું નામ લીધા વગર તેના પર નિશાન સાધ્યું છે. બચ્ચને જણાવ્યું કે, જે લોકોએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી નામ કમાયું, તે હવે તેને ગટર ગણાવી રહ્યા છે. હું આનાથી બિલકુલ સહમત નથી. તેમણે સંસદમાં રજૂઆત કરતા જણાવ્યું કે સરકાર આવા લોકોને આ પ્રકારની ભાષાનો પ્રયોગ ના કરવા જણાવે. સપાના સાંસદ જયા બચ્ચને જણાવ્યું કે આવા લોકો જે થાળીમાં ખાય છે તેમાં જ છેદ કરે છે. બચ્ચને વધુમાં ઉમેર્યું કે મનોરંજન ઉદ્યોગ દૈનિક ધોરણે પ્રત્યક્ષ રીતે ૫ લાખ લોકોને રોજગાર પુરો પાડે છે. પ્રવર્તમાન સમયે અર્થતંત્રની સ્થિતિ અત્યંત કથળેલી છે, ત્યારે લોકોનું ધ્યાન ભટકાવવા માટે અમને (બોલીવૂડ)ને સોશિયલ મીડિયા પર ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. જયા બચ્ચને કહ્યું કે, આ લોકો જે થાળીમાં ખાય છે તેમાં જ થૂંકી રહ્યા છે. કંગનાએ ૨૬ ઓગસ્ટના



એક ટ્વીટ કરીને વડાપ્રધાન કાર્યાલયને ટેગ કરતા જણાવ્યું હતું કે, જો નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો બોલીવૂડની તપાસ કરશે તો પ્રથમ હરોળના

● અનુસંધાન પાના ૭ પર

# નાસાને શુક્ર ઉપર જીવન હોવાના સંકેત મળ્યા

નવીદિલ્હી, તા. ૧૫

નાસાના વિજ્ઞાનીઓને શુક્ર ગ્રહના વાયુમંડળમાં એક ગૅસ મળ્યો છે, જે ત્યાં જીવન હોવાનો સંકેત આપે છે. શક્યતા છે કે બની શકે કે શુક્ર ગ્રહનાં વાદળોમાં સૂક્ષ્મ જીવ તરી રહ્યા છે. એ ગૅસનું નામ છે ફૉસ્ફીન. જે એક ફોસ્ફરસના કણ અને ત્રણ હાઈડ્રોજનના કણોને મળીને બન્યો છે. ધરતી પર ફૉસ્ફીનનો સંબંધ જીવનથી છે. આ પેંગ્વિન જેવાં પ્રાણીઓના પેટમાં જોવા મળતા સૂક્ષ્મ જીવો સાથે જોડાયેલો છે કે કાદવ જેવી ઓછી ઓક્સિજનવાળી જગ્યાએ જોવા મળે છે. ફૉસ્ફીનને કારખાનાંઓમાં પણ બનાવી શકાય છે, પરંતુ શુક્ર ગ્રહ પર તો કારખાનાં છે જ નહીં, અને ચોક્કસ રીતે ત્યાં કોઈ પેંગ્વિન પણ નથી. તો શુક્ર ગ્રહ પર આ ગૅસ કેમ છે અને એ પણ ગ્રહની સપાટીથી ૫૦ કિમી ઉપર? બ્રિટનની કાર્ડિફ

**ફોસ્ફિન નામનો જીવ આધારિત એસિડ હોવાનું કહ્યું : પેંગ્વિન જેવાં પ્રાણીઓના પેટમાં જોવા મળતા સૂક્ષ્મ જીવો સાથે જોડાયેલો : ઓછી ઓક્સિજનવાળી જગ્યાએ મળે છે**

● અનુસંધાન પાના ૭ પર



**વેચવાનું છે**

સેક્ટર-૬/બીમાં ઈન્કવાયરી પાસે, 3BHK, ૨-૨/૧ (અઢી માળનું) ગેસ પાઈપ તથા ગેસ ગીઝર કનેક્શન વિથ ફર્નિશ્ડ 'શાંતિભવન' પ્લોટ નં. ૧૮૫/૧ વેચવાનું છે.

સંપર્ક : ૦૭૯-૨૩૨૨૦૧૯૧
મો. ૬૩૫૪૦ ૭૦૬૧૭

**BAHUCHARAJI RAIL CORPORATION LIMITED (BRCL)**
(A JV of G-RIDE, GIDC & MSIL)
CIN : U4510GJ2018SGC105602
Block No. 6, 7th Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar-382011.
Phone No.: 079-23232728/29, Email : accounts@brcl.org.in

**Offer for Internal Audit & Pre-Audit Work**

**Bahucharaji Rail Corporation Limited (BRCL)** intends to retain services of Practicing Chartered Accountant Firm / Company for Internal Audit & Pre-Audit for the financial year 2020-21. Interested firm / company may visit company's website **www.gride.org.in** for offer document format, Eligibility criteria and Scope of Internal Audit & Pre-Audit.

**Last date for submission is 23rd September 2020 upto 5.00 PM.**

**Chief Executive Officer**
**BRCL**